ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૨/૨૨–૨૩/ ૨૦૧૦ તારીખ : 27 JUN 2022

**આર.પી.એ.ડી.**

કેસ નં.૧૨/૨૨–૨૩

પ્રતિ,
**શ્રી પુનાભાઈ જી બોઘરા,**
**મું.જેસર, તા.જેસર,**
**જી. ભાવનગર.**

**મો.નં – ૯૪૨૮૬ ૧૮૦૧૧**

**વિષય : વિજ બિલમાં ખોટી રીતે હેરાન કરવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.નીલ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૪/૫/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૨/૨૨–૨૩/૧૫૬૨ તા.૧૭/૦૫/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૨/૨૨–૨૩/૧૭૮૭ તા.૦૩/૦૬/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૩/૦૬/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**
*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **જેસર.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૧૨/૨૨–૨૩</u> ☜

વાદી :– **શ્રી પુનાભાઈ જી બોઘરા,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ <u>રજુઆતની તારીખઃ– તા.૧૩/૦૬/૨૦૨૨</u> ◈

હાજર રહયા :– **શ્રી પ્રવિણભાઈ પુનાભાઈ બોઘરા (વાદી ના પુત્ર)**

પ્રતિવાદી :– **શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તથા**
**શ્રી જી.એમ.વિસાત, નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, જેસર**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી પુનાભાઈ જી.બોઘરા, મું.જેસર, તા.જેસર, જી. ભાવનગર ની વિજ બિલમાં ખોટી રીતે હેરાન કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૨/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૨/૨૨–૨૩/૧૫૬૨ તા.૧૭/૦૫/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૧૩/૦૬/૨૦૨૨</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી વતી તેના પુત્ર શ્રી પ્રવિણભાઈ પુનાભાઈ બોઘરા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તેમજ શ્રી જી.એમ.વિસાત, નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, જેસર ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆતઃ</u>– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો વાદીશ્રી પુનાભાઈ, જી.બોઘરા, મું.પો.જેસર, તા.જેસર, જી.ભાવનગર રહેણાંક ધરાવીએ છીએ.

૧.૨ અમારો વિજ ગ્રાહક નં–૩૭૭૦૧/૫૩૫૬૬/૭ છે અને જે મું.પો.જેસર બીએસએનએલ ઓફીસ, જેસરની બાજુમાં મારા સ્થળે વિજ કનેકશન ધરાવું છું.

૧.૩ મને મે–૨૦૨૧ થી ડિસે–૨૦૨૧ સુધી કુલ–૮ માસના બિલ ખોટી રીતે આપી તેની વસુલાત કરેલ છે મને મે–૨૧ માં મીટર રીડર દ્વારા "N" સ્ટેટસ વાળું ૫૭૦ યુનિટ નું બિલ આપવામાં આવેલ છે. તેના પછીના માસ જુન–૨૦૨૧ માં મને મીટર રીડર દ્વારા "F" સ્ટેટસ વાળું ૧૧૪૦ યુનિટ નું બિલ આપવામાં આવેલ અને જે બન્ને બિલના કુલ રૂ.૭૧૦૦/– તા.૨૨/૬/૨૦૨૧ ના રોજ ભરેલ છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૧.૪ ત્યારબાદ, મીટર રીડર દ્વારા ફરી જુન–જુલાઈ નું રીડીગ પ્રમાણે ૧૭૪૦ યુનિટ નું બિલ આપવામાં આવેલ છે. જે મેં તા.૨૨/૭/૨૦૨૧ ના રોજ ભરપાઈ કરેલ છે. ત્યારબાદ, ઓગષ્ટ–૨૦૨૧ માં તા.૪/૮/૨૦૨૧ ના રોજ મારે વિજ કનેકશન નું મીટર ચેન્જ થયેલ. મીટર ચેન્જ થયા પછી, ઓગષ્ટ–સપ્ટે–ઓકટો ના ત્રણેય બિલ લોક સ્ટેટસમાં આપવામાં આવેલ છે.જેના મેં ક્રમશ તા.૧/૯/૨૦૨૧, તા.૬/૧૦/૨૦૨૧ અને તા.૨૬/૧૦/૨૦૨૧ ના રોજ ક્રમશ રૂા.૭૧૫૦/–, રૂા.૬૬૪૦/– અને રૂા.૮૮૦૦/– ભરપાઈ કરેલ છે.

૧.૫ ત્યારબાદ, નવે–૨૦૨૧ અને ડિસે–૨૦૨૧ ના બિલ ૬૦૭૩૬ અને ૬૦૭૩૭ યુનિટ નું રૂા.૪૬૪૧૫૮/– અને રૂા.૪,૬૩,૨૬૫/– ના હૃદય કંપાવી નાખનાર બિલ આપવામાં આવેલ છે.

૧.૬ મારા દ્વારા મે–૨૦૨૧ થી ડિસે–૨૦૨૧ સુધીના કુલ ૮ માસનું વિજ બિલ જેમાં લેબ રીપોર્ટ માં મીટરના છેલ્લા રીડીગ ૬૧,૩૦૨ અને મે મહિનાના ૫૮,૯૯૭ ના તફાવતના ૨૩૦૫ યુનિટ ના વપરાશ પ્રમાણે રૂા.૨૦,૫૭૨/૩૬ થાય છે. જેમાં મારા દ્વારા વિજ બિલ ની રકમ કુલ રૂા.૪૧,૬૯૦/– ભરપાઈ કરેલ છે. આમ, કુલ–૮ માસના મારી પાસેથી રૂા.૨૧,૧૧૭/૬૪ વધુ વસુલાત કરવામાં આવેલ છે અને જે મને પરત કરવા પીજીવીસીએલ ઓફીસ ખાતે વારંવાર ધકકા ખાઉ છું. કોઈ કર્મચારી મારી વાત સાંભળવા કે સમજવા તૈયાર નથી અને અમને પાછા મોકલી દે છે અને મહુવા ડિવિજન ઓફીસ ખાતે પણ મને થયેલ અન્યાય બાબતે કોઈ જવાબ આપતું નથી.

૧.૭ આપ સાહેબશ્રી ને વિનંતી કે, મારા સદર પ્રશ્નોનો નિકાલ અને જે વધુ રૂપિયા ભરેલ છે તે પરત આપવા નમ્ર વિનંતી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ ગ્રાહક નું નામ– શ્રી પુનાભાઈ જી બોઘરા

ગ્રાહક નં–૩૭૭૦૧/૫૩૫૬૬/૭

કેટેગરી – NRGP/7.5

રીલીઝ તારીખ– ૩/૧૨/૨૦૧૨

૨.૨ વાદીનું સદર થ્રી ફેઈઝ વિજ કનેકશન તા.૩/૧૨/૨૦૧૨ ના રોજ રીલીઝ કરેલ છે. ત્યારે, તેમના વિજ કનેકશન નો મીટર નં–PG-453314 હતો.

૨.૩ વાદીને જુન–૨૦૨૧ નું ૫૭૦ યુનિટ નું "N" સ્ટેટસ નું તા.૩૦/૫/૨૦૨૧ ના રોજ રૂા.૪૬૭૧/– નું બિલ આપવામાં આવેલ. ત્યારબાદ, જુલાઈ–૨૦૨૧ નું ૧૧૪૦ યુનિટ નું "F" સ્ટેટસ નું તા.૧૭/૬/૨૦૨૧ ના રોજ રૂા.૯૩૧૩/૨૦ નું બિલ આપવામાં આવેલ જેની સામે અગાઉ "N" સ્ટેટસ નું બિલ રૂા.૪૬૫૬/૬૦ બાદ મળેલ અને બિલ રૂા.૪૬૫૬/૬૦ આપેલ અને જેમાં આગળની બિલ નું બાકી એરીયર્સ રૂા.૪૩૯૫/૮૬ હતું. આમ, કુલ બિલ રૂા.૯૦૫૨/૪૬ હતું. જેની સામે તેઓ દ્વારા રૂા.૯૧૦૦/– તા.૨૨/૬/૨૦૨૧ ના રોજ ભરપાઈ કરેલ.

૨.૪ વાદીનું જુનું મીટર PG-453314 તા.૪/૮/૨૦૨૧ ના રોજ બદલાવેલ અને નવું મીટર લગાવેલ, જેનો મીટર નં–૩૮૭૩૬૧ છે. પ્રફોર્મા–૧૫ ની કોપી આ સાથે સામેલ છે.

૨.૫ વાદીનું મીટર ચેન્જ તા.૧/૧૦/૨૦૨૧ ના રોજ કરેલ.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૨.૬ વાદીને ઓગષ્ટ–૨૦૨૧ નું રૂા.૧૭૪૦/– યુનિટ નું તા.૧૯/૭/૨૦૨૧ ના રોજ રૂા.૧૩૪૩૧/– નું બિલ આપવામાં આવેલ હતું જેની સામે તેઓ દ્વારા રૂા.૧૦,૦૦૦/– તા.૨૨/૭/૨૦૨૧ ના રોજ ભરપાઈ કરેલ.

૨.૭ ત્યારબાદ, વાદીને માહે સપ્ટેમ્બર તેમજ ઓકટોબર અને નવેમ્બર–૨૦૨૧ લોકના બિલ આપવામાં આવેલ જેની સામે વાદી દ્વારા અનુક્રમે રૂા.૭૧૫૦/–, રૂા.૬૬૪૦/– અને રૂા.૮૮૦૦/– ભરપાઈ કરેલ.

૨.૮ વાદીના સપ્ટેમ્બર, ઓકટોબર ના લોકના જે બિલ આપવામાં આવેલ હતા જે તેઓને માહે નવે–૨૦૨૧ ના બિલ માં રૂા.૧૫,૩૦૦/– જમા આપેલ છે.

૨.૯ ત્યારબાદ, ડિસે–૨૦૨૧ તેમજ જાન્યુઆરીમાં મીટર ચેન્જ રોટેટ થયેલ અને જેનું ક્રેડીટ એડજસ્ટમેન્ટ તા.૫/૧/૨૦૨૨ ના રોજ આપેલ.

૨.૧૦ વાદીનું જુનું મીટર મહુવા લેબમાં તા.૧૧/૪/૨૦૨૨ ના રોજ લેબ તપાસણી કરેલ અને લેબમાં સદર મીટર ને તપાસણી કરતા સદર મીટર બરાબર છે અને ૬૧૩૦૨ યુનિટ આવેલ છે. લેબ રીપોર્ટ ની કોપી આ સાથે સામેલ છે.

૨.૧૧ વાદીનું જુનું મીટર PG-453314 જે લેબ પરીક્ષણ માં OK આવતા તેઓને"F" નું જે બિલ આપવામાં આવેલ છે તે જમા આપવા પાત્ર થાય છે. અને લેબ પરીક્ષણમાં જે યુનિટ નીકળેલ છે તે યુનિટ તફાવત મુજબ રકમ વાદી પાસેથી લેવા પાત્ર થાય છે.

૨.૧૨ આમ, વાદીને આપવામાં આવેલ"F" સ્ટેટસ નું બિલ તેમજ લેબ પેન્ડીગ યુનિટ તેમજ ડિસેમ્બર અને જાન્યુઆરીમાં ખોટા બનેલ બિલ ના ક્રેડીટ એડજસ્ટમેન્ટ વિગેરે રકમ બાદ કરતા, રૂા.૨૯૩૨/૫૬ જમા આપવા પાત્ર થાય છે. તમામની ગણતરીનું સ્ટેટમેન્ટ આ સાથે સામેલ છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ અરજદારશ્રી પુનાભાઈ જી.બોઘરા, મું. જેસર, તા.મહુવા દ્વારા તેમના ઘર વપરાશના વિજ કનેકશન નં–૩૭૭૦૧/૫૩૫૬૬/૭ માં પ્રતિવાદી પીજીવીસીએલ ની જેસર પેટા વિભાગીય કચેરી દ્વારા મે–૨૦૨૧ થી ડિસે–૨૦૨૧ દરમ્યાનના બિલોમાં ભૂલો કરી અયોગ્ય બિલો આપી વધુ વસુલેલ રૂા.૨૧૧૧૭/૬૪ ની રકમ પરત કરવા બાબતે તકરાર ઉભી થતા ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ આજરોજ સુનાવણી દરમ્યાન પ્રતિવાદી દ્વારા અરજદારના ખાતાની નકલ, લેબ રીપોર્ટ, મીટર ડીટેઈલ તથા જમા આપવા પાત્ર રકમ નું સ્ટેટમેન્ટ રજૂ કરેલ છે. જે ધ્યાને લેતાં, કમીટીને જણાય છે કે, પ્રતિવાદીના મીટર રીડર દ્વારા વાદીને જુન–૨૦૨૧ માં "N" સ્ટેટસ નું રૂા.૪૬૭૧/– જુલાઈ–૨૦૨૧ માં "F" સ્ટેટસ નું રૂા. ૯૩૧૩/૨૦ આપવામાં આવેલ.

૩.૩ વાદીનું મીટર જુનું મીટર તા.૪/૮/૨૦૨૧ ના રોજ બદલાવેલ.જેનું લેબ પરીક્ષણ તા.૧૧/૪/૨૦૨૨ ના રોજ કરતા, મીટર બરોબર માલૂમ પડેલ અને ૬૧૩૦૨ યુનિટ આપેલ જે મીટર રીડર ની ભૂલ ના કારણે રીડીંગ ના આંકડાની સીરીઝ ચેન્જ થતા જોવા મળેલ.

Consumer Grievance Redressal Forum
F.G.V.C.L.
Bhavnagar

૩.૪ પ્રતિવાદી દ્વારા સપ્ટે–ઓકટો–નવે–૨૦૨૧ ના લોકના બિલો આપવામાં આવેલ.જયારે, ડિસે–૨૦૨૧ અને જાન્યુ–૨૦૨૨ માં મીટર ચેન્જ રોટેડ હોવાનું જણાવેલ છે. જે પણ ક્ષતિ યુકત બિલીંગ દર્શાવે છે.

૩.૫ પ્રતિવાદીની કચેરીને મીટર રીડીગ અને બિલીંગ ની ભૂલો ધ્યાન પર આવતા, લોક ના બિલો ની રકમ રૂા. ૧૫,૩૦૦/– , નવે–૨૦૨૧ માં મીટર ચેન્જ રોટેડ થયેલ તેનું ક્રેડીટ એડજસ્ટમેન્ટ તા.૫/૧/૨૦૨૨ ના રોજ જમા આપવામાં આવેલ છે. આ સાથે પ્રતિવાદીની કચેરી દ્વારા સ્ટેટમેન્ટ રજૂ કરેલ છે. જેમાં વાદીનું થવાપાત્ર બિલીંગ, થયેલ બિલીંગ, તફાવત તેમજ હવે જમા આપવા પાત્ર રકમની વિગત દર્શાવેલ છે. જે યોગ્ય જણાય છે.

૩.૬ ઉપરોકત રેકર્ડ અને નિવેદનો પરથી કમીટીને જણાય છે કે, વાદી તેના વિજ કનેકશન નું થયેલ ખામી યુકત બિલીંગ બાબતે પ્રતિવાદીએ સમયાંતરે રકમ વાદીના ખાતામાં જમા આપેલ છે. તથા રજૂ થયેલ સ્ટેટમેન્ટ મુજબ હજી પણ રૂા.૨,૯૩૨/૫૬ જમા આપવા પાત્ર થાય છે તે વાદીના ખાતામાં જમા આપવી.

૩.૭ આ તબકકે ફોરમને જણાય છે કે, પ્રતિવાદી પીજીવીસીએલ ના મીટર રીડીગ દ્વારા બેદરકારી દાખવી અને અયોગ્ય બિલ આપવામાં આવેલ છે જેને લીધે અરજદાર ને અગવડતા પડેલ છે. આથી, પ્રતિવાદી પીજીવીસીએલ ને હુકમ કરવામાં આવે છે કે, સંબંધિત બેદરકાર મીટર રીડર સામે કંપની ના નિયમ મુજબ શિસ્તભંગની કાર્યવાહી કરવી.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૬ અને ૩.૭ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(એ.એ.જાડેજા)
ટેકનીકલ સભ્યશ્રી

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– ૧૩/૦૬/૨૦૨૨.

Consumer Grievance Redressal Forum
F.G.V.C.L.
Bhavnagar